**DATE: 06/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે રોકડ 16 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વરમાં જુગાર રમતા 2 મહિલા સહિત ત્રણ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં જુગાર રમતા 2 મહિલા સહીત 3નેબી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે દાવ પર લાગેલા અને અંગઝડતી ના રોકડ રૂપિયા 16 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ડી માર્ટ પાસે રોડ પર જાહેર માં ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહ્યા હતા.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથક ની ટીમ રાજપીપલારોડ પર પેટ્રોલીંગમાં હતીતે દરમિયાન ચોક્ક્સ માહિતી મળી હતી કે ડી માર્ટ રોડ પર મહિલા સહીત કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. જે માહિતી આધારે પોલીસ દ્વારા સર્ચ કરતા જુગાર રમતા બાપુનગર ઝુપડપટ્ટી ખાતે રહેતા હેમા સોલંકી, સવિતા પાટીલ અને શોયેબ નવાબ ને રંગે હાથ ઝડપી પાડયા હતા પોલીસે સ્થળ પરથીદાવ પર લાગેલા 4150 રૂપિયા રોકડા અને અંગઝડતી માંથી 12000 રૂપિયા મળી કુલ 16150 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 06/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરની ચોરીના ગુનાનો આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માંથીમોબાઈલ ચોરી કરનાર તસ્કર કોસંબાથી ઝડપાયો છે. બી ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાંથી 16મી નવેમ્બરના રોજ એક યુવાનના હાથમાંથી મોબાઈલ આંચકી બે ઈસમો ફરાર થઈ ગયાં હતાં. આ મોબાઈલ સાથે કોસંબાના સેમ્યુલ પ્રકાશ મશી નેઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછમાં સુરેશ ઝેરી નામના કોસંબાના જ ઈસમ નું નામ ખુલતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી સેમ્યુલ પ્રકાશ મશી ને બી ડિવિઝન પોલીસ ના હવાલે કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 06/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**



### ડ્રમમાંથી અન્ય વાહનોમાં બાયોડીઝલ ભરી આપવામાં આવતું હતું, બે હજી ફરાર

# ઝઘડિયાના હરિપુરા નજીકથી હજાર લિટર બાયોડીઝલ સાથે એક આરોપીની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાના ઉમલ્લાથી રાજપારડી તરફ જતાં રોડ પર વાહનોમાં ગેરકાયદેરીતે બાયોડીઝલ પૂરી આપવાના વેપલાનો લોકલ ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. બાયોડીઝલના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં તેના વેચાણ કરનારાઓ સક્રિય બન્યાં હોવાની ફરિયાદો ઉઠી હતી. એલસીબીની ટીમને હરિપુરા ગામની સીમમાં ફ્રેન્ડ્સ બ્રિક્સ રેતીના સ્ટોકના કમ્પાઉન્ડમાં બાયોડીઝલનું વેચાણ થઈ રહયું છે અને આવતાં જતાં વાહનોમાં ડીઝલ ભરી આપવામાં આવે છે. પોલીસે દરોડો પાડતાં સ્થળ પરથી 6 બેરલમાં ભરેલું બાયોડીઝલ મળી આવ્યું હતું. સ્થળ પરથી મુળ સોનગઢના રહેવાસી વિરલ રાઠોડની અટકાયત કરવામાં આવી હતી. તેની પૂછપરછમાં અસ્ફાક જેલર અને અલ્તાફ માંજરાના નામ ખુલતાં તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ત્રણેય વિરૃધ્ધ




ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે. બાયોડીઝલનો જથ્થો કોની પાસેથી મેળવવામાં આવતો હતો અને કોના વાહનોમાં ઉપયોગમાં લેવાતો હતો તેની તપાસ શરૂ કરવામાં આવી છે. કબજે લેવાયેલા બાયોડીઝલ તથા અન્ય મુદ્દામાલની કિંમત 76 હજાર રૂપિયા થવા જાય છે.

**DATE: 06/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પોણા કરોડની કસ્ટમ ડ્યુટીની ચોરી અને ઠગાઈની ફરિયાદ

# અંકલેશ્વરની કંપનીના માલિક સાથે છેતરપિંડી કરનાર એક બ્રોકર ઝડપાયો

## માલની કિંમત ઓછી બતાવી રૂા. ૭૨.૮૬ લાખની ઠગાઈ કરાઈ

। અંકલેશ્વર ।

અંકલેશ્વરની શ્રી કેમો ફાર્મા કંપનીના માલિક સાથે મુંબઈના ૩ કસ્ટમ બ્રોકરે ઓછી કસ્ટમ ડ્યુટી ભરી પોણા કરોડની ઠગાઈ કરી હોવાના મામલામાં પોલીસે એક બ્રોકરને ઝડપી પાડ્યો હતો.

ભરૂચની પ્રિતમ નગર ૧ સોસાયટીમાં રહેતા અને અંકલેશ્વર GIDC માં શ્રી કેમો ફાર્મા કંપની ચલાવતા જય સુરેશભાઈ દવે પોતાની કંપનીનું રો-મટિરિયલ્સ ઇટલી અને ચાઈનાથી મંગાવે છે.વર્ષ ૨૦૨૧ માં તેઓના સંપર્કમાં મુંબઈ અને સુરતના વાસુમાં ગ્લોબલ ક્લિયરન્સ એન્ડ લોજિસ્ટી પેઢી ચલાવતા મુંબઈના ૩ કસ્ટમ બ્રોકર પ્રવીણ, કિરણ અને દર્શીત ભાનુશાલી આવ્યા હતા.ત્રણેય



કસ્ટમ એજન્ટ કંપની માલિક વિદેશથી મંગાવતા કાચા માલના કન્ટેનર હજીરા અને ન્હાવાશેવા પોર્ટ પરથી કસ્ટમ ડ્યુટી ભરી છોડાવી આપતા હતા.

બંને પોર્ટ પરથી આવેલા ૬ કન્ટેનરમાં કંપની માલિકે ૯૯.૮૦ લાખનું RTGS કરી દીધું હોવા છતાં. ભેજાબાજ ૩ કસ્ટમ બ્રોકરે માલની કિંમત ઓછી બતાવી ફક્ત ૨૭.૦૩ લાખની કસ્ટમ ડ્યુટી ભરી હતી.

બાદમાં કંપની માલિકે GST ક્રેડિટ ચેક કરતા ઓછી બતાવતા તેમની સાથે ૭૨.૮૬ લાખની ઠગાઈ કરાઈ હોવાનું માલુમ પડતા સરકારને પણ ચુનો ચોપડનાર ત્રણેય ભેજાબાજો સામે ગત તારીખ-૨૪મી નવેમ્બર-૨૦૨૩ના રોજ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે પોણા કરોડની કસ્ટમ ડ્યુટીની ચોરી અને ઠગાઈની ફરિયાદ નોંધવાઈ છે.

ફરિયાદને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી અને મહારાષ્ટ્રના પનવેલના કુંડેવાળના રામ મંદિર પાસે ભંગારપાડા ખાતે રહેતો એક્ષ્પોર્ટ-ઈમ્પોર્ટ ક્લીયરિંગ એજન્ટ સતિશ કેશવ કટેકરને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 08/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### અંકલેશ્વર બસ ડેપો વિસ્તારમાં

# એટીએમ તોડવાનો પ્રયાસ કરનાર મહારાષ્ટ્રનો શખ્સ ઝડપાયો

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વર શહેરના સ્ટેશન રોડ ઉપર એસટી ડેપો સામે મંગળવારની રાતે બેન્કના એટીએમ સેન્ટરમાં એટીએમને તોડી ચોરીનો પ્રયાસ કરનાર ઈસમને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર શહેરના સ્ટેશન રોડ ઉપર એસટી ડેપો સામે એચડીએફસી બેન્કના એટીએમ સેન્ટરને મંગળવારની રાતે તસ્કરોએ નિશાન બનાવ્યુ હતુ. તસ્કરોએ એટીએમ સેન્ટરમાં પ્રવેશ કરી એટીએમને પથ્થર અને સળિયા વડે તોડવાનો પ્રયાસ કર્યો હતો જો કે એટીએમ મશીન નહીં તૂટતા તસ્કરો પરત જતા રહ્યા હતા. આ બનાવ અંગે શહેર એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી તે દરમિયાન પોલીસે મહારાષ્ટ્રના મોલગીના હુનાખામ કુંડી બારી ફળિયામાં રહેતો મોકન્યા સોત્યા તડવી નામના યુવકને ઝડપી પાડ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ક્યા બૂટલેગરે દારૂ સંતાડ્યો તેની તપાસ હાથ ધરવામાં આવી

# કોંઢની સીમમાં અવાવરૂ જગ્યામાં સંતાડેલો 3.28 લાખનો દારૂ જપ્ત

ભાસ્કરન્યૂઝ | વાલિયા

વાલિયાના આવેલાં કોંઢ ગામની સીમમાં જીતાલી ગામ તરફ જવાના રોડ નજીક કાચા રસ્તાવાળી અવાવરૂ જગ્યાએ દારૂનો મોટો જથ્થો ઉતારી સગેવગે કરવાની પેરવી ચાલી રહી હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમ સ્થળ પર પહોંચી ત્યારે ત્યારે કોઈ જણાયું ન હતું. જોકે, તપાસ કરતાં એક સ્થળે વિદેશીદારૂની પેટીઓ મુકેલી મળી આવી હતી. જેના પગલે રાત્રીનો સમય હોઈ ટીમે તમામ મુદ્દામાલ ઉંચકી પોલીસ સ્ટેશને લાવી ગણતરી કરતાં ઈમ્પિરિયર બ્લ્યુ વ્હિસ્કીના ક્વાટરિયાના 21 બોક્ષ, રોયલ સ્પેશિયલ વ્હિસ્કીના ક્વાટરિયાના 22 બોક્ષ, રોયલ ચેલેન્જ વ્હિસ્કીની બોટલના બે બોક્ષ, રોયલ સ્ટેક વ્હિસ્કીના ક્વાટરિયાના 5 બોક્ષ, ઓલ સિઝન વ્હિસ્કી બોટલના 4 બોક્ષ તેમજ ક્વાટરિયાના 5 બોક્ષ તેમજ હેવર્ડ્સ 5000 બિયરની ટીનના 16 બોક્ષ મળી આવ્યાં હતાં. ટીમે કુલ 3.28 લાખનો વિદેશીદારૂનો જથ્થો જપ્ત કરી હાલ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. જોકે, વિદેશીદારૂનો જથ્થો કોણે અને ક્યાંથી મંગાવ્યો હતો તેની વિગતો મેળવવાની કવાયત પોલીસે હાથ ધરી છે.

**DATE: 08/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સોમાણી ચોકડી પાસે જીપને રોકવામાં આવી હતી

# અંકલેશ્વરમાં 1.46 લાખના ભંગાર સાથે બોલેરો સવાર પાંચની અટક

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંક્લેશ્વર જીઆઈડીસી પોલીસની ટીમ મિલક્ત સંબંધી ગુનાઓ અટકાવવા માટે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે સોમાણી ચોકડીથી એશિયન પેન્ટ ચોકડી તરફ શંકાસ્પદ ભંગારનો જથ્થો ભરી એક બોલેરો જઈ રહી છે. જેથી વોચ ગોઠવી બોલેરોને રોક્વામાં આવી હતી તેની તલાશી લેતાં તેમાંથી એસએસ પ્લેટના ટુકડા .તેમજ અન્ય લોખંડનો ભંગાર મળી આવ્યો હતો. ગાડી ચાલક અને અંદર રહેલા 5 ઈસમો પાસે જરૂરી આધાર પુરાવા માંગતા ગલ્લા-તલ્લા કરવા લાગ્યા હતા. પોલીસે કુલ 1.46 લાખ રૂપિયાનો ભંગાર નો જથ્થો તેમજ 5 લાખ રૂપિયા ની બોલેરો પીકઅપ ગાડી અને મોબાઈલ મળી 5.51 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત હતા. વિશાલ પટણી, ગોવિંદ પટણી, વીરા પટણી, આકાશ પટણીઅને પારસ પટણી ની અટક કરી 41(1) ડીમુજબ ગુનો નોંધ્યો છે.

**DATE: 08/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પ્રતિન ચોકડી નજીક આડેધડ રીતે વાહન પાર્ક કર્યું હતું

# પોલીસે મારેલું લોક તોડી મોપેડ ચાલક ભાગ્યો પણ પકડાયો તો માફી મંગાવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



12 મી જાન્યુઆરી ના રોજ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે ટ્રાફિક નિયમન અંગે કાર્યવાહી હાથ ધરી હતી. તે દરમિયાન પ્રતિન ચોકડીથી રેલ્વે સ્ટેશન રોડ પર ટ્રાફિકને અડચણ રૂપ એકટીવા પાર્ક કરેલી જોવા મળતાં તેના ટાયરને લોક મારી દેવામાં આવ્યું હતું. એકટીવા ચાલકે દંડની રકમ ભરવાના બદલે પોલીસે લગાવેલ લોક તોડી નાખ્યું હતું. અને ગાડી લઈ ચાલ્યો ગયો હતો. આ ઘટનાનો વિડીયો વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી હતી. એકટીવાની નંબર પ્લેટ નહિ હોવાથી એકટીવા ચાલકને શોધવો પોલીસ માટે કપરૂ હતું પણ આખરે ગાર્ડન સિટી ખાતે રહેતા સુજીતસિંઘ રણબહાદુરસિંઘ રાઠોડ ને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેને ટ્રાફિકના પાઠ ભણાવી બે હાથ જોડી માફી માંગવી પુનઃ આવું નહિ કરવા માટે માફી મગાવી હતી.

**DATE: 09/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

અંકલેશ્વરના નેશનલ હાઈવે પરથી

# ઘાસચારાની આડમાં ટ્રકમાં લઈ જવાતો દારૂ ઝડપાયો



। અંકલેશ્વર ।

ભરુચ એલસીબીનો સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે ટ્રક નંબર-આર.જે.૨૧.જી.સી.૫૮૬૬માં પશુઓના સૂકા ઘાસચારાની આડમાં સંતાડી વિદેશી દારૂનો જથ્થો ભરી સુરતથી ભરુચ તરફ જનાર છે જેવી બાતમીના આધારે પોલીસે અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર આવેલ માંડવા ટોલપ્લાઝા પાસે વોચ ગોઠવી હતી.તે દરમિયાન બાતમી વાળી ટ્રક આવતા પોલીસે તેને અટકાવી અંદર તપાસ કરતાં સૂકા ઘાસચારાની નીચેથી ૭૪ હજારનો દારૂ મળી આવ્યો હતો. પાલીસે ટ્રક સાથે મળી કુલ ૧૧.૬૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને બનાસકાંઠાના તેનીવાડા સ્થિત મોમીન નગરમાં રહેતો ઈસ્તિયાક હનીફ નેદરિયા તેમજ મોહમંદ અકબર સિપાઈને ઝડપી પાડ્યો હતો. પૂછપરછ કરતાં દારૂનો જથ્થો મુંબઈના ઈમરાને ભરી આપી ઉંઝાના સુનિલને આપવાનું હોવાની કબૂલાત કરી હતી.

**દારૂ સાથે બે ઈસમોને ૧૧.૬૯ લાખના મુદ્દામાલ જપ્ત**

**DATE: 09/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

વાલિયા પોલીસે બૂટલેગર વૉન્ટેડ જાહેર કર્યો

# વાલીયા પોલીસે કોંઢથી રૂ. ૩.૨૮ લાખનો દારૂ ઝડપ્યો



। વાલિયા ।

વાલિયા પોલીસે કોંઢ ગામની સીમમાં જીતાલી ગામ તરફ જવાના રોડ નજીકથી રૂ. ૩.૨૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી બુટલેગરને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. વાલિયા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે કોંઢ ગામની સીમમાં જીતાલી ગામ તરફ જવાના રોડના કાચા રસ્તા નજીક અવાવરુ જગ્યા પર વિદેશી દારૂનું કટિંગ કરી સગેવગે કરવામાં આવી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યાહતા પોલીસે સ્થળ પરથી ૩ હજાર નંગ બોટલ મળી કુલ ૩.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 09/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# રાજપારડી પોલીસ મથકના ૪ ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ઝઘડિયા,તા.૮

**ભરૂચ જિલ્લા પેરોલ ફર્લો સ્કવોડની ટીમે રાજપારડી પોલીસ મથકના વોન્ટેડ આરોપીને નેત્રંગ ખાતેથી ઝડપી લઈ રાજપારડી પોલીસના હવાલે કર્યો હતો.**

## પેરોલ ફર્લો સ્કવોડની ટીમે નેત્રંગ પાણીની ટાંકી પાસેથી ઝડપી લઈ રાજપારડી પોલીસને સોંપ્યો

ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડની ટીમ જિલ્લાના બનેલ ગુનાઓમાં નાસતા ફરતા તથા વોન્ટેડ આરોપીઓને પકડવા માટે ઝઘડિયા તાલુકાના રાજપાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન રાજપારડી પોલીસ મથકના ગુનામાં નાસતા ફરતા આરોપી અમિત ઉર્ફે ડોલાલ ઠાકોર વસાવા (રહે. રાજપારડી) નેત્રંગ ખાતે પાણીની ટાંકી પાસે હોવાની બાતમી મળતાં પોલીસની ટીમે બાતમી વાળા સ્થળે છાપો મારી તેની ધરપકડ કરી હતી તેમજ વધુ કાર્યવાહી માટે તેને રાજપારડી પોલીસને સુપ્રત કર્યો હતો. ઝડપાયેલો આરોપી અમિત વસાવા રાજપારડી પોલીસ મથકના ૪ ગુનામાં વોન્ટેડ હતો.



**DATE: 10/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સીસીટીવી તથા શ્રમિકોની નોંધણી નહિ કરાવવા બદલ કાર્યવાહી

# સાયખા જીઆઈડીસીની બે કંપની સહિત એક કોન્ટ્રાકટર સામે ફરિયાદ

ભાસ્કરન્યૂઝ | વાગરા

વાગરા તાલુકામાં ચોરીના વધી રહેલાં બનાવોના સંદર્ભમાં પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન સાયખાની 2 કંપની સહિત એક કોન્ટ્રાક્ટર સામે જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ સુત્રિય માહિતી અનુસાર મુગટ ઈન્ડસ્ટ્રીઝ તેમજ નિરવા પિગમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં તપાસ દરમિયાન સીસીટીવી કેમેરા નહિ મળી આવતાં તેમના માલિકો સામે જાહેરનામાનો ભંગ કરવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમ 188 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. તેવી જ રીતે પોલીસે પેટ્રોલિંગ દરમિયાન સાયખા જગશન કલરકેમ નામની કંપનીમાં ચેકીંગ કર્યું હતું. જ્યાં કન્સ્ટ્રક્શનની કામગીરી ચાલી રહી હતી.સ્થળ પર હાજર યોગેન્દ્રકુમાર શિવનંદન પ્રસાદ નામના ઈસમને બોલાવી પૂછતાછ કરતા માધવ કન્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું હોય અને પોતે માધવ કન્ટ્રક્શનમાં કામ કરતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસે પોલીસ વેરિફિકેશનના કાગળો માંગતા નહીં હોવાનું જણાવ્યું હતું. પરપ્રાંતીય લેબરો રાખી પોલીસમાં નોંધણી ન કરાવનાર માધવ કન્ટ્રક્શનના માલિક વિરુદ્ધ પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.ઉલ્લેખનીય છે કે સીસીટીવી લગાવવાથી કંપનીની સુરક્ષામાં વધારો થાય છે તેમજ કોઈ ઘટના બને અથવા તો ચોરી થાય તેવા સમયે પોલીસ તપાસ માટે પણ સીસીટીવી ફૂટેજ મહત્વના બની રહેતાં હોય છે.

**DATE: 11/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કાપોદ્રાના શખ્સ સામે પોલીસે ફરિયાદ નોંધી

# કેમિકલ વેસ્ટનો સળગાવી નિકાલ કરતા ભંગારિયા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસ ની ટીમ અમન માર્કેટ ખાતે પહોંચી તો ત્યાં પ્લાસ્ટિક વેસ્ટના ગોડાઉનમાં પ્લાસ્ટિક વેસ્ટ સળગાવી રહ્યા હતા. સર્વે નંબર પૈકી 1 પર આવેલપ્લાસ્ટિક ભંગારના ગોડાઉનમાં ખૂણામાં 15 ફૂટ લંબાઈ 15 ફૂટ પહોળાઈ ,10 ફૂટ ઊંડો ખાડો ખોદી તેમના કંટામીનેટેડ પ્લાસ્ટિક વેસ્ટ, વુડન વેસ્ટ, પેપર જેવું વેસ્ટ સળગાવી રહ્યા હતાં. તેમની પાસે જીપીસીબી, ગ્રામ પંચાયતની મંજૂરી, ફાયર એનઓસી સહિતના એક પણ દસ્તાવેજ મળી આવ્યાં ન હતાં. પોલીસે ગોડાઉન સંચાલક સાબાદ અફઝલ ચૌધરી, અજગર અલી મઝહર અલીમનીહારઅને અઝહર અલી મઝહર અલી મનીયાર વિરુદ્ધ પર્યાવરણને નુકસાન કરી તથા લોકોનો જીવ જોખમમાં મુકવા સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

**DATE: 11/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરના માંડવા ગામની સીમમાં જુગાર રમતા ૧૦ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર, તા. ૧૦

અંકલેશ્વર શહેર બી ડીવીઝન પોલીસે માંડવા ગામની સીમમાં જુગાર રમતા ૧૦ શખ્સોને રોકડા રૂ. ૧.૧૮ લાખ સાથે પકડી પાડ્યા હતા. અંકલેશ્વર શહેર બી ડીવીઝન પો.સ્ટે. તથા પોલીસ માણસો પેટ્રોલીંગમા હાજર હતા.તે દરમ્યાન મળેલી બાતમી આધારે માંડવા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં હારજીતના જુગારની રમત રમતા કુલ ૧૦ શખ્સોને ઝડપી પાડી તેઓ વિરુધ્ધ જુગાર ધારા મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે અમીત હસમુખ રાવળ,જીગ્નેશ ઉર્ફે જીગો અંબુભાઈ પટેલ,સુરેશ નવીન વસાવા, રીતેષ પંકજ ઠાકોર,રાજેશ ઉર્ફે રાજુ જગમાલ પરમાર,વિજય ખુશાલ પટેલ,નાનુ જવલા વસાવા, ફીરોજ મોહમદ હુશેન દીવાન, ચંદુજી પાંચાજી ઠાકોર,અંબાલાલ ઈશ્વર પરમારની અટકાયત કરી હતી. જયારે અર્જુન ઉર્ફે લાલો વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે તમામ પાસેથી અંગઝડતીના રોકડા રૂ.૯૧૦૧૦, દાવ ઉપરના રોકડા રૂ.૨૭,૦૦૦ મળી કુલ રોકડા રૂ. ૧૧૮૦૧૦, મોબાઈલ -૯ રૂ.૪૦૫૦૦ મળી કુલ રૂ. ૧૫૮૫૧૦ નો મુદ્દામાલ કબ્જે કયી હતો.

જોઈએ છે

જમીન અને મકાન વેચવાનું છે

ફાર્મ હાઉસ લાયક, એન.એ.